# ડીસાનાં લાટી બજારમાં ખાનગી ટ્રાન્સપોર્ટ કંપનીમાં આગ

ડીસા, તા. ૧૯

ડીસા નાં લાટી બજાર વિસ્તાર માં આવેલી એક ખાનગી



ટ્રાન્સપોર્ટ કંપની માં બપોરના સમયે અચાનક આગ લાગતા અફરા -તફરી નો માહોલ છવાયો હતો. જોકે સ્થાનિક તંત્રે ભારે જહેમતે આગ પર કાબુ મેળવ્યો હતો, આ આગ માં ટ્રાન્સપોર્ટ મારફતે આવેલો લોકો નો એક કરોડ થી વધુ નાં માલસામાનનાં નુકશાનનો અંદાજ લગાવાઈ રહ્યો છે

આ ધટનાની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠાનાં ડીસાનાં લાટીબજાર વિસ્તાર માં આવેલી ડાયમંડ ટ્રાન્સપોર્ટ કંપનીની ગોડાઉનમાં શોર્ટ શર્કિતની ધટના -કાશમાં આવેલી છે, શહેરમાં જાણીતી ડાયમંડ ટ્રાન્સપોર્ટ કંપની મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ, જેવા મોટા શહેરો સાથે ટ્રાન્સપોર્ટ વ્યવસાયે



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સંકળાયેલી હોઈ ડેઈલી સર્વિસમાં મોટા શહેરોમાંથી ટ્રકો મારફતે વહેપારીઓનો માલસામાન અહી લવાય છે અને ગોડાઉનમાંથી જેતે વહેપારી પોતાના માલની ડીલેવરી મેળવે છે, જોકે આજે બપોરનાં એક વાગ્યાની આસપાસ આ ગોડાઉનમાં સંભવિત શોર્ટ સોર્કિત સર્જાતા આગ લાગી હતી, અને તે બાદ આગે ગોડાઉનમાં પડેલા માલસામાનને પોતાની ચપેટમાં લેતા મોટાભાગનો તમામ કીમતી માલસામાન આગમાં સ્વાહા થઈ ગયો હતો, આ આગની ધટનાની જાણ થતા ડીસા નાયબ કલેકટર દિગંત બ્રમભત્ત, મામલતદાર શિવરાજ ગીલ્વા, પાલિકા ચીફ ઓફિસર હેમંત પટેલ સહીત અધિકારિઓ ધટના સ્થળે પહોચ્યા હતા અને રાહત તેમજ મદદ પહોચાડી પાલિકા ફાયર ફાઈટર મદદે આગ પર કાબુ મેળવ્યો હતો, જયારે બીજી તરફ આ મામલે ડીસા દક્ષિણ પોલીસે પણ ધટના સ્થળે તપાસ હાથ ધરેલ છે આ અકસ્માત રૂપ આગની



ધટનામાં ગોડાઉનમાં પડેલા અંદાજીત એક કરોડથી વધુનાં માલસામાનનાં નુકશાનની આ ગોડાઉનના દીપક ઠક્કર મેનેજરે પુસ્તિ કરેલ છે.

## ડીસાના લાયન્સ રોડ કામ ગેરરીતિની તપાસ માટે જિલ્લા કલેક્ટરનો આદેશ : પાલિકાએ હાથ ધરી તપાસ

ડીસા, તા. ૧૯

ડીસામાં -જાના પરસેવાના થોડા સમય પહેલા લાખોના ખર્ચે લાયન્સ કલબ થી ચંદ્રલોક સુધી નો રોડ બનાવાયો hato, જોકે આ રોડ કામ માં સબંધિત કોન્ટ્રાકટર યોગ્ય કામ કરાતાં સ્થાનિક લોકો એ પાલિકા સમક્ષ ફરિયાદો કરી હતી, જેમાં જીલ્લા કલેકટર સમક્ષ ની એક ફરિયાદમાં આ રોડ કામમાં જીલ્લા કલેકટરે પાલિકા સત્તા મંડળને તપાસ કરવાનાં આદેશ આપતા ચકચાર મંચેલ છે.

આ અંગેની મળતી વિગતો જોતા બનાસકાંઠાનાં ડીસામાં સત્તાધારી ભાજપે તાજેતરમાં વિકાસલક્ષી કામો હાથ ધર્યા હતા. જેમાં લાખોનાં ખર્ચે લાયન્સ કલબથી ચંદ્રલોક સોસાયટી સુધીનાં આધુનિક કહી શકાય તેવા સ્ટ્રીટ લાઈટ પોલ સાથેનાં રોડનું કામ ડીસાનાં ખાનગી કોન્ટ્રાકટરને અપાયું હતું, અને ટેન્ડરની શરતો મુજબનો વર્ક હુકમ આપાતા સબંધિત કોન્ટ્રાકટર દ્વારા અહી કામ હાથ ધરાયું હતું, જોકે તે બાદ આ રોડ કામ અયોગ્ય રીતે થતું હોવાનું ખુદ સ્થાનિકો એ ફરિયાદ કરતા મામલો ગરમાયો હતો,આ રોડ માં અનેકો જગ્યા એ મસમોટા ખાડા પડી ગયા છે કારણ કે રોડના કામમાં જેટલી કપસી, લોખંડ, સળીયા વગેરે મટીરીયલ્સનો અપૂરતા ઉપયોગથી કામમાં ગેરરીતી આચરાઈ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જોકે તે બાદની કાર્યવાહીમાં ફરિયાદી રાજુભાઈ મક્નાજી જોશીએ જાહેર હિતમાં આ મામલે જીલ્લા કલેકટર બનાસકાંઠા સમક્ષ નગરપાલિકા અધિનિયમ -૨૫૮ મુજબ થયેલ કામ અટકાવી ન્યાયિક તપાસની માંગ કરી હતી, અને સબંધિત કોન્ટ્રાકટર સામે કામમાં ગેરરીતી સાબિત થાય અને અયોગ્ય કામ જણાય તો તેમના કામનું ચુકવણું અટકાવી તેમને બ્લેકલીસ્ટમાં મુકવાની માંગ કરી હતી, જે આધારે જીલ્લા કલેકટર મહેન્દ્રભાઈ પટેલે આ કામ ની ન્યાયિક તપાસ કરવાની ડીસા પાલિકા સત્તા મંડળ અને ચીફ ઓફિસરને પત્ર પાઠવી સૂચના આપતા પાલિકાએ આ સંદર્ભે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પાલિકા ચીફ ઓફિસર હેમંત પટેલે સબંધિત કોન્ટ્રાકટરનાં બીલની બાકી ૨૫ ટકા રકમ અટકાવી યોગ્ય તપાસની ખાતરી આપી હતી. જેનાથી આ રોડ કામ અને સબંધિત ઈજારેદાર વિવાદમાં સપડાયેલ છે.

## ડીસામાં પ્લાસ્ટિક થેલી વેચાણ પર દરોડા

### પાંચ હજાર દંડ સાથે ચાલીસ કિલો જથ્થો જપ્ત

ડીસા, તા. ૧૯

વહેપારી મથક ડીસામાં કેટલાક વહેપારીઓ નફો મેળવવાની લાયમાં -તિબંધિત એવી શહેરમાં ૪૦



માઈક્રોથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિક ધુમ વેચાણ કરી રહ્યા છે, જોકે પાલિકા -મુખ ડો. તેજલબેન પટેલે આ વેચાણ પર કડકાઈએ કાર્યવાહી હાથ ધરતા પાંચ જેટલા વહેપારીઓનાં ગોડાઉનમાંથી -તિબંધિત પ્લાસ્ટિક બેગ્સનો જથ્થો ઝડપી દંડનીય કાર્યવાહી હાથ ધરેલ છે.

બનાસકાંઠાના ડીસામાં છેલ્લા ધણા સમયથી ૪૦ માઈક્રોથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિક બેગ્સનું વેચાણ વધી રહ્યું છે. જોકે પાલિકા તંત્ર દ્વારા ધણા સમય સુધી કોઈ કાર્યવાહી હાથ ન ધરાતા શહેરમાં પુનઃ-તિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ વધી ગયું હોવાનું મનાય છે. જોકે પાલિકા તંત્રનાં -મુખ ડો. તેજલબેન પટેલ દ્વારા ફુડ વિભાગને આ -વૃત્તિ કડક હાથે ડામી કાયદેસર કાર્યવાહીની સૂચના અપાઈ હતી, જે આધારે પાલિકાના ફુડ વિભાગના અધિકારી અને ટીમે આજે ડીસામાં અનેકો વહેપારીઓને ત્યાં દરોડા પડ્યા હતા. પાલિકા -મુખે પ્લાસ્ટિક પર્યાવરણ માટે જોખમી હોવાનું અને અનેકો ગાયો આવું પ્લાસ્ટિક ખાતા મોતને ભેટતી હોવાનું કાબુલી આ -વૃત્તિ કડકાઈ એ ડામી દેવાની ખાતરી આપી હતી.

જયારે બીજી તરફ પાલિકા -મુખની સીધી સૂચનાએ પાલિકાએ હાથ ધરેલ તપાસ અને દરોડામાં શહેરમાં આજે શહેરમાં ૪૦ માઈક્રોથી ઓછી જાડાઈવાળી પ્લાસ્ટિક ધુમ વેચાણ કરતા પૂજન પ્લાસ્ટીકસ, સોરભ પ્લાસ્ટીકસ, જલારામ પ્લાસ્ટીક્સ, પીયુષ પ્લાસ્ટીક, વિરકૃપા પ્લાસ્ટીક્સ તેમજ નીલકંઠ પ્લાસ્ટીક્સ નામની દુકાનોમાં દરોડો પાડી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

અંદાજીત ૪૦૦ કિ.ગ્રા. -તબંધિત પ્લાસ્ટિક થેલીઓ જપ્ત કરી ૫ હજારથી વધુ દંડ વસૂલાયો છે. પાલિકા તંત્રે આજે દરોડા પાડી -તિબંધિત પ્લાસ્ટિકવાળી થેલીઓ વાપરતા શાકના નાના નાના વેપારીઓને પકડી થેલી જપ્ત કરી દંડની વસુલાત કરી હતી. આ દરોડા માં પ્લાસ્ટિક બેગ્સ દરોડા સાથે થર્મોકોલનો પણ કેટલોક જથ્થો ઝડપતા પાલિકા વિભાગનાં અચાનક દરોડાથી શહેરભરમાં ખળભળાટ મચી જવા પામ્યો હતો. કાર્યવાહી વિષે પાલિકાનાં ફુડ વિભાગ - અધિકારી સુરેશભાઈએ માહિતી આપી હતી.

## ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના ચેરમેનપદે હિતેન્દ્રસિંહજી સિસોદીયાની સતત ચોથીવાર સર્વાનુમતે બિનહરીફ વરણી

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના



ચેરમેન પદે હિતેન્દ્રસિંહજી નરપતસિંહજી સિસોદીયાની સતત ચોથીવાર સર્વાનુમતે બિનહરીફ વરણી કરાતા ખેડુતો, વેપારીઓ અને સહકારી ક્ષેત્રમાં આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જીલ્લા સબ રજીસ્ટ્રાર કચેરી, ઓફીસર જે.જે. પટેલની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જેસીંગભાઈ પટેલ, રાજેન્દ્રસિંહ ભાટી, લાલસિંહ ચૌહાણ, કાલીદાસ કટારા, કલજીભાઈ કટારા, ભીખાભાઈ પટેલ, ગોપાલસિંહ સિસોદીયા, ગલબાભાઈ પ્રજાપતી, રઘજીભાઈ પટેલ, કુમુદચંદ્ર શાહ, કલ્પેશકુમાર શાહ, મનોજભાઈ પટેલ, રણવીરસિંહ ડાભી, મુકેશભાઈ ત્રિવેદી, ભવાનભાઈ તરાર, શંકરભાઈ તરાર, મયંકુમાર ચૌધરી, તુલસીભાઈ રાવલ, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, બી.ટી.નાયી, નરસિંહભાઈ પટેલ, રજાકભાઈ મનસુરી, એન.કે. કલાસવા, હિંમતસિંહ સિસોદીયા સહિત સહકારી ક્ષેત્ર અને રાજકીય ક્ષેત્રોના અગ્રણીઓ, ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતીના વ્યવસ્થાપક કમીટી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી, સક્રેટરી કાંતીલાલ પંચાલ, અરવિંદભાઈ પંચાલ, વલ્લભભાઈ પટેલ તેમજ સ્ટાફ પરીવાર અને માર્કેટયાર્ડના વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભિલોડા તાલુકાના સુનસર ગામમાં શ્રી સત્ય નારાયણ ભગવાનની કથા અને લઘુરુદ્ર યોજાયો

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શેર ગામ સુનસરમાં શ્રી સુનસર બ્રાહ્મણ યુવક મંડળ, મુંબઈ-સુનસર આયોજીત નવયુવાન બ્રાહ્મણોના સહયોગથી શ્રી સત્યનારાયણ ભગવાનની ભવ્ય કથા, રાત્રે ભજન સંધ્યા અને સુનસર ગામની પાદરે આવેલા શ્રી ઝબલેશ્વર મહાદેવ મંદીરમાં શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે લઘુરૂદ્ર રંગેચંગે સંપન્ન થયો હતો. લગુરૂદ્રની પુર્ણાહુતિ તા.૧૯/૫/૨૦૧૪ને સોમવારના રોજ બપોરે ૧.૪૦ વાગ્યાના સુમારે યોજાઈ હતી. દર્શનાર્થે ભારે માનવ મેદની ઉમટી હતી. દર્શાનાર્થીઓએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો.

ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના દર્શન કરી આશિર્વાદ મેળવી ભાવિકભક્તોએ ધન્યતા અનુભવી હતી. શ્રી સત્યનારાયણ ભગવાનની કથા, લગુરૂદ્ર એટલે કે હર અને હરિનો સંગમ.સુનસર બ્રાહ્મણ યુવક મંડળ મુંબઈ-સુનસર કારોબારી સભ્યો વિશાલ પંડ્યા, નિલકંઠ ભટ્ટ, ધર્મેશ ત્રિવેદી, દેવાંગ ત્રિવેદી, અમિત પંડ્યા સહિત કારોબારી સભ્યો તેમજ સુનસર ગ્રામજનોએ ધાર્મિક કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. સુનસર ગામના શ્રી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ બારીશી સમાજ અગ્રણી કાર્યકર જયંતીલાલ ત્રિવેદી, જયંતીલાલ પંડ્યા, નર્મદાશંકર ભટ્ટ, કિરીટભાઈ પંડ્યા સહિત અગ્રણીઓ મોટી સંખ્યામાં મુંબઈથી ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

## મહેસાણા જિલ્લામાં કૃષિ મહોત્સવની તડામાર તૈયારીઓ

મહેસાણા, તા. ૧૯

આગામી ૨૬-૫-૨૦૧૪ના રોજ કૃષિ મહોત્સવનો પ્રારંભ થનાર છે. ૨૬ મે ૨૦૧૪ થી ૯ જુન-૨૦૧૪ સુધી ચાલનાર ૧૫ દિવસના કૃષિ મહોત્સવના આગોતર આયોજન માટે ઈન્ચાર્જ કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીનાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજવામાં આવી હતી.

મહેસાણા જિલ્લાના કડી કોટન માર્કેટ યાર્ડ ખાતે ૩૧ મે ૨૦૧૪ના રોજ મેગા ઈવેન્ટ યોજાનાર છે. જેમાં ૧૫ હજાર જેટલા ખેડૂતો હાજર રાખવાનો લક્ષ્યાંક રાખેલ છે. કૃષિ મહોત્સવ સવારે ૮.૩૦થી ૧૩ કલાક સુધી યોજાશે. જેમાં કીટ વિતરણ, માર્ગદર્શન, નિદર્શન, પ્રગતીશીલ ખેડૂતોના અનુભવોનું માર્ગદર્શન, નવી પાક પદ્ધતિ, જંતુનાશક દવાઓનો ઉપયોગ, સિંચાઈ પદ્ધતિ સહિત વિવિધ માહિતીથી વાકેફ કર્યા હતા.

મહેસાણા જિલ્લામાં ૨,૨૮,૧૮૬ ખેડૂતોનો નોંધાયા છે. આ કૃષિ મહોત્સવ થકી ખેડૂતોને માહિતી અને માર્ગદર્શન મળી રહે તે માટે સતત પ્રયત્નો હાથ ધરવા માટે કલેક્ટરશ્રીએ માર્ગદર્શક સુચનાઓ આપી હતી.

આ વર્ષે કૃષિ, બાગાયત અને પશુપાલન મળીને કુલ ૧૫૨૩૦ કીટનું વિતરણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત આઈ-કિસાન પોર્ટલ માટે ખેડૂતોને ઓનલાઈન ફીંગર પ્રિન્ટ થકી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. સરકારશ્રીની ખેડૂત યોજનાઓના સાધનોની સહાય માટે અરજી પણ ઓનલાઈન થકી કરવાની રહેશે જે અંગે નવીન પોર્ટલ તૈયાર કરવામાં આવેલ છે. આ બેઠકમાં જિલ્લાના અધિકારીશ્રીઓ, ખેતીવાડી સહિત સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજના બોભા ગામે લગ્ન માણવા આવેલ મહેમાનનું બાઈક ચોરાયુ

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ બોભા ગામે લગ્ન માણવા આવેલ મહેમાનનું બાઈક સંબંધીના ઘર આગળથી જ ચોરાઈ ગયું હતું. લગ્ન માણ્યા પછી બાઈક લેવા ગયેલા મહેમાનને બાઈક ન મળતા પ્રાંતિજ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી.

બનાવની વિગતો જોતા પ્રાંતિજના બોભા ગામે લગ્ન માણવા ખડાત ગામના કિરણસિંગ કાનસિંગ આવ્યા હતા. તેમણે તેમનું બાઈક બોભા ગામમાં રહેતા તેમના સંબંધીના ઘર સામે પાર્ક કરી તેઓ લગ્નમાં હાજરી આપવા ગયા હતા. લગ્ન બાદ જ્યારે તેઓ તેમનુ બાઈક નં. જીજે-૧૮-સી.સી. ૩૮૦૪ લેવા ગયા ત્યારે બાઈક જ્યાં પાર્ક કરેલુ હતુ ત્યાં મળ્યું નહોતુ. તેમણે આસપાસમાં પણ બાઈકની તપાસ કરી પરંતુ બાઈક ન મળતા તેમને બાઈક ચોરાવાનો અહેસાસ થયો હતો. બાઈકની વધુ શોધખોળ બાદ પણ બાઈક ન મળતા તેમણે કાળુસિંગ રાઠોડ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી.

## વડનગર ખાતે મેડીકલ કોલેજ હોસ્પિટલનું ખાતમુર્હુત કરાશે

રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વડનગર ખાતે રૂપિયા ૧૧૬ કરોડના ખર્ચેતૈયાર થનાર જી.એમ.ઈ. આ.એસ. મેડીકલ કોલેજની હોસ્પિટલનું ખાતમુર્હુત નાણા અને આરોગ્ય મંત્રીશ્રી નિતીન પટેલના હસ્તે થનાર છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે મહેસાણા જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી પરબતભાઈ પટેલ, ધારાસભ્યશ્રી નારાયણભાઈ પટેલ, અગ્રણી સમાજ સેવક સોમભાઈ મોદી તેમજ વડનગર પાલિકા પ્રમુખશ્રી સુનિલભાઈ મહેતા ઉપસ્થિત રહેનાર છે.



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં આવેલ તાજપુર ગામે આજે રાવળ યોગી સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ સમૂહ લગ્નોત્સવમાં કુલ ૧૫ યુગલો લગ્નગ્રંથીથી જોડાયા હતા. ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ પર આવેલ તાજપુર ગામની સાર્વજનિક હાઈસ્કૂલના મેદાનમાં યોજાયેલ રાવળ યોગી સમાજના સમૂહ લગ્નોત્સવમાં ભારે ભીડ ઉમટી હતી. આ સમુહ લગ્નોત્સવમાં કુલ ૧૫ નવ યુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા અને તેમને આર્શીવાદ આપવા રાવળ સમાજના અગ્રણી ગાંડાભાઈ રાવળ, ચંદુભાઈ રાવળ, ધુળાભાઈ રાવળ તેમજ ક્ષત્રિય સમાજના અગ્રણી છોટુભાઈ રાઠોડ વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. (સંજય રાવલ)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન